ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

# ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.એકેડેમિક/૫૦૫૮૭/૨૦૧૭ તા. ૨૬/૦૪/૨૦૧૭

પરિપત્રઃ

આથી યુનિવર્સિટી સાથે સંલગ્ન બી.એ.,એમ.એ શાખાની કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનુંકે અધ્યક્ષશ્રી સંસ્કુત વિષયના બોર્ડ ઓફ સ્ટડીઝ દ્વારા નીચે મુજબના ઠરાવ કરવામાં આવે છે.

(૧) **સંસ્કુતના કમ્પલસરી પેપરમાં એસાઇન્મેંટ્ના ગુણો થકી આંતરિક ગુણો આપવા અંગે.**

પ્રસ્તુત બાબતે સ્નાતક(બી.એ) કક્ષાએ સંસ્કુત વિષયનું જે અનિવાર્ય (કમ્પલસરી) પેપર અભ્યાસક્રમમાં છે,તેની આંતરીક પરીક્ષા સંદર્ભે ૫(પાંચ) ગુણ ઉપસ્થિતિના,૧૦(દસ) ગુણ એસાઇન્મેંટના તથા ૧૫ (પંદર) ગુણ લેખિત સ્વરૂપે લીધેલી આંતરીક પરીક્ષાના –એ રીતે ગણીને આંતરીક ગુણો આપવાનું રાખવું.

આ રીતે આંતરીક ગુણાંકનની પધ્ધતિનો અમલ માર્ચ-એપ્રીલ ૨૦૧૭માં સંપન્ન થયેલી-થનારી પરીક્ષાઓથી કરવો.

(૨) **એમ.એ (સંસ્કુત)ના પ્રશ્નપત્રનું માળખું તૈયાર કરવા અંગે.**

એમ.એ (સંસ્કુત)ના આગામી સત્ર (જૂન ૨૦૧૭)થી લાગુ થનારા નવા અભ્યાસક્રમના સંદર્ભે દરેક કોર્ષના વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રનું માળખું પરિશિષ્ટ-૧ મુજબ રાખવાનું સર્વસંમતિથી ઠરાવવામાં આવે છે.આ ઠરાવનો અમલ નવે.-ડીસે. ૨૦૧૭માં ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવનારી એમ.એ.(સેમ-૧ તથા સેમ-૩ની) આગામી પરીક્ષાથી કરવાનો રહે છે.

બાહ્ય (એક્સટર્નલ)વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ માટેનો કોર્ષ ૪૦૬,૪૧૨,૫૦૬ અને ૫૧૨નો પાઠયક્રમ અને પ્રશ્નપત્રનું માળખું પરિશિષ્ટ-૨ પ્રમાણે રાખવું.

આપનો વિશ્વાસુ,

કા.કુલસચિવ

પરિશિષ્ટઃ યુનિવર્સિટી વેબસાઇટ પરથી લેવાનું રાખવું.

પ્રતિ,

૧. યુનિવર્સિટી સંલગ્ન બી.એ,એમ.એ. કોલેજોના આચાર્યશ્રીઓ.......
૨. પરીક્ષા નિયામકશ્રી,પરીક્ષા વિભાગ,ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ-૯.
૩. પરીક્ષા વિભાગ,ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ-૯.
૪. અધ્યક્ષશ્રી સંસ્કુત,ડો.કમલેશકુમાર છ.ચોક્સી,ભાષા ભવન,ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ-૯.